# આપણે ભારતીયો જ આપણા વૈચારિક વારસાથી પરિચિત નથી

ઋષિવાણી

નરેશ ભટ્ટ



ઋષિવિચારધારા ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં રહેલો વિચાર છે. આપણે ભારતીયો જ આપણા વૈચારિક વારસાથી પરિચિત નથી પરંતુ આવતીકાલે ભારતીય વિચારધારા વિશ્વમાં પ્રવેશી ગઈ હશે તેથી વિશ્વલોકનું ધ્યાન ભારતીય વિચારધારા પર જવાનું જ છે.

ફ્રાન્સના એક નાનકડા કેન્દ્રમાં મારા ભારતીય તત્ત્વજ્ઞાન પર પ્રવચનો ચાલતાં હતાં અને મેં ઉપનિષદોના તત્વજ્ઞાનની વાત વિસ્તારથી કરી. હવે

> વિશ્વના ઘણા લોકો યોગ વિદ્યાથી તો પરિચિત છે જ પરંતુ ભારતીય ફિલોસોફીથી એટલા પરિચિત નથી. જે સ્થિતિ આજે યોગવિદ્યાની થઇ છે અને વિશ્વના ખૂણેખૂણે યોગ વર્ગ ચાલતા જોવા મળે છે. આ જ સ્થિતિ આવતી કાલે ભારતીય તત્ત્વજ્ઞાનની થવાની જ

પછીના દિવસો ભારતીય તત્વજ્ઞાનના આવવાના છે અને વિદેશીઓ તે મેળવવા ભારતમાં આવશે. બહુધા આપણે ભારતીયો પશ્ચિમની રહેણીકરણીથી પ્રભાવિત થયા છીએ તેથી પશ્ચિમની બધી જ વિચારધારા આપણે લોકોને આંજી દે છે. આજે યુરોપ અમેરિકામાં ઠેરઠેર યોગ પર જાહેર કાર્યક્રમો થતા જ રહે છે અને યુરોપિયન તથા અમેરિકનો તેનાથી પ્રભાવિત થઈ ગયા છે. આજ સ્થિતિ નજીકના ભવિષ્યમાં ભારતીય ફિલોસોફીની થવાની જ છે. તે સમયે આપણે થોડા જાગૃત થઈશું પરંતુ સક્રિય થઈશું નહીં તો આપણા ઋષિઓની વિદ્યાને વિદેશીઓ આપણને શીખવવા માટે આવશે. ઋષિઓ વનમાં રહેતા હતા અને વનસ્પતિ સાથે સીધો સંબંધ હતો તેમાંથી આયુર્વેદનો જન્મ થયો. આયુર્વેદ તરફ આજે તો વિશ્વભરના લોકોનું ધ્યાન ગયું છે. અને કેટલાય લોકો આયુર્વેદનો ઉપચાર કરે છે. આ જ સ્થિતિ આવતી કાલે ભારતના તત્વજ્ઞાન (ફિલોસોફી) પર જવાનું જ છે. વિશ્વની કેટલીય યુનિવર્સિટીમાં ઈન્ડિયન ફિલોસોફી શીખનારા ઘણા મળી રહે છે. નવાઈ નથી. એકાદ ઉપનિષદ પર યુરોપના એક દેશમાં મારું પ્રવચન હતું. બસ, પછીથી તો લગભગ પ્રતિવર્ષ ભારતીય ફિલોસોફી પરનાં વ્યાખ્યાનો માટે જવાનું થયું છે.

વિશ્વના ઘણા લોકો યોગ વિદ્યાથી તો પરિચિત છે જ પરંતુ ભારતીય ફિલોસોફીથી એટલા પરિચિત નથી. જે સ્થિતિ આજે યોગવિદ્યાની થઈ છે અને વિશ્વના ખૂણેખૂણે યોગ વર્ગ ચાલતા જોવા મળે છે. આ જ સ્થિતિ આવતી કાલે ભારતીય તત્ત્વજ્ઞાનની થવાની જ છે. યુરોપની કેટલી યુનિવર્સિટીઓ આ માટે સજ્જ થઈ રહી છે. આપણા ઋષિઓની વિદ્યાથી આપણે પૂરા પરિચીત નથી તેથી કદાચ આવતી કાલે કોઈ યુરોપના સ્કોલર ભારતમાં ઉપનિષદો પર વાર્તાલાપ માટે આવે અને આપણે શ્રોતા બનીશું તો નવાઈ નહીં.

# આત્મકલ્યાણ કરે એ સાચો પારસમણિ

અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય



દક્ષિણના મહાન સંત નામદેવજીના ભકતોમાં એક બ્રાહ્મણ હતો. તે નામદેવજીની દીનતા અને અપરિગ્રહવૃત્તિ જોઈ દુઃખી થતો. એક વાર સંત નામદેવ બહારગામ ગયા એટલે સંતની પત્નીને બ્રાહ્મણે કહ્યું, ‘‘મા, તમારે આટલું દુઃખ છે અને નામદેવજી કશું સ્વીકારે નહીં તો તમને હું પારસમણિ આપું તેથી તમારી ગરીબી દૂર થઈ જશે.’’

સંતપત્ની માની ગયાં અને પારસમણિ લઈ આવ્યાં. એક લોખંડના ટુકડાને તે અડકાવાથી એ સોનાનો થઈ ગયો. તે સોનું વેચી ઘરમાં વાસણો, ખાવાની વસ્તુઓ અને બીજી જરૂરી ચીજવસ્તુઓ લાવી દીધી. નામદેવજી ઘેર આવ્યા અને જયારે જમવા બેઠા ત્યારે ભોજનમાં વિવિધ વાનગીઓ જોઈ. એથી તેમને આશ્ચર્ય થયું.

> આ પારસમણિથી કદાચ ગરીબી દૂર થાય પણ આત્માની ગરીબી ક્યારેય દૂર નહીં થાય. આત્મકલ્યાણ માટે પારસમણિની જરૂર નથી. જીવનનાં સુખ-શાંતિ તારો આ પારસમણિ નહીં આપે, એના માટે ભક્તિમાર્ગ અને સાધનાની જરૂર છે. સાચો પારસમણિ શ્રી હરિ છે. એને પામવાની વાત કરો. એ સિવાય બધું નકામું છે

પૂછ્યું, ‘‘આ બધું કયાંથી આવ્યું? મારાથી આ ન જમાય.’’

ત્યારે પત્નીએ પેલા પારસમણિની વાત કરી અને તેનાથી આ બધું લાવ્યાનું જણાવ્યું. ભકતરાજ નામદેવે કહ્યું, ‘‘એ પારસમણિ તો મને બતાવો.’’

પત્નીએ પારસમણિ આપ્યો. નામદેવે હાથમાં લઈ જોયો અને ઘરની બહાર નીકળી પાસેની નદીમાં એ ફેંકી દીધો.

આથી પત્ની નારાજ થયાં. એમણે પેલા બ્રાહ્મણને વાત કરી. બ્રાહ્મણ અને તેની પત્ની નામદેવ પાસે આવી રડવા લાગ્યાં. ‘‘તમે આ ખોટું કર્યું. અમે તો તમારી ગરીબી દૂર કરવા પારસમણિ આપ્યો હતો. અને તમે...’’

નામદેવ પાછા નદી કિનારે જઈ ડૂબકી લગાવી એ પારસમણિ શોધી લાવ્યા અને પેલા બ્રાહ્મણ અને તેની પત્નીને આપ્યો અને બોલ્યા, ‘‘ભાઈ આ પારસમણિથી કદાચ ગરીબી દૂર થાય પણ આત્માની ગરીબી કયારેય દૂર નહીં થાય. આત્મકલ્યાણ માટે પારસમણિની જરૂર નથી. જીવનનાં સુખ-શાંતિ તારો આ પારસમણિ નહીં આપે, એના માટે ભક્તિમાર્ગ અને સાધનાની જરૂર છે. સાચો પારસમણિ શ્રી હરિ છે. એને પામવાની વાત કરો. એ સિવાય બધું નકામું છે.’’ બ્રાહ્મણને નામદેવની વાત સમજાઈ ગઈ.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૩ થી ૧૯ મે ૨૦૨૪

**તા. ૧૩ સોમવાર,**
વૈશાખ સુદ છઠ. શ્રી શ્રી રવિશંકર જન્મોત્સવ (તારીખ મુજબ)
શ્રી નૃસિંહ નવરાત્રારંભ

**તા. ૧૪, મંગળવાર,**
વૈશાખ સુદ સાતમ,
ગંગોત્પત્તિ, ગંગા સપ્તમી વ્રત

**તા. ૧૫,મે બુધવાર,**
વૈશાખ સુદ આઠમ, દુર્ગાષ્ટમી, બુધાષ્ટમી,
વૃદ્ધિ તિથિ અગસ્તિ લોપ,
શ્રી બગલામુખી જયંતી

**તા. ૧૬,મે બુધવાર,**
વૈશાખ સુદ આઠમ, સીતા જાનકી નવમી
મૈથિલી દિવસ-બિહાર

**તા. ૧૭, શુક્રવાર,**
વૈશાખ સુદ નોમ, હરિ જયંતી

**તા. ૧૮, શનિવાર,**
વૈશાખ સુદ દશમ,
માતા વાસવી કન્યકા પ્રગટ દિન

**તા. ૧૯, રવિવાર,**
વૈશાખ સુદ એકાદશી, મોહિની એકાદશી,
ગૌદૂધ પરશુરામ, રુકિમણી દ્વાદશી, શ્રી હિત હરિવંશચંદ્ર મહાપ્રભુ જન્મોત્સવ, વૃંદાવન

